વાદી તરફે, આંક : ૫ થી સી.પી.સી, ઓર્ડર – ૩૯ રૂલ, ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળ, ચાલતે દાવે વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી ગલત હુકમ ..

૧. વાદીએ હાલની મનાઈ હુકમ મેળવવાની અરજી કરી દાદ માગેલ છે કે, મોજે ખલવાળા તા.ભિલોડા જી – અરવલ્લીના સીમમાં આવલે પેરા નં.૩ માં જણાવેલ હદ મરજાદ પરીશિષ્ટમાં વર્ણવ્યા મુજબના ખેતીના સંયુક્ત હિસ્સા મુજબ તેઓના ભાગે આવેલ કબ્જા ભોગવટાવાળા દાવાવાળી ખેતીની જમીનમાં વાદીઓ કબ્જા – ભોગવટાવાળી દાવાવાળી ખેતીની જમીનમાં કાયદેસરના હક્ક – હિતો નષ્ટ થાય તેવું કૃત્ય કરે કરાવે નહી કે વાદીના કાયદેસરના હિસ્સા મુજબ ખેતી કરતા ઉપજ લેતા અડચણ અંતરાય ઉભો કરે કરાવે નહી કે દાવાવાળી મિલકત વેચાણ ગીરો બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરે કરાવે નહી કે વાદગ્રસ્ત મિલકત ઉપર બોજો લીયન કે તારણ કે, અમારા મકાનની નજીક નવીન મકાન બાંધકામ ઉભું કરવા – કરાવવાનો કે પશ્ચિમ તરફે આવેલ નવીન મકાનમાં દક્ષિણ તરફે રસ્તા તરીકે વાહનો સાથે અવર જવર કરવામાં અડચણ અંતરાય કરે કરાવે નહી કે, વાદીના કોઈ પણ પ્રકારના હક્કોને નુકશાન થાય તેવું કૃત્ય કરાવે નહી તેઓ વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુદ્ધનો દાવો ચાલતા દરમિયાન કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરલે છે.

૨. ઉપરોક્ત અરજી કરવાનું મુખ્ય કારણ અને દલીલો વાદી તરફે રજુ થયેલ છે તેની મુખ્ય હકીકત ધ્યાને લેવામાં આવે તો, મોજે : ખલવાડ, તા–ભિલોડા, સીમના જુના સર્વે/બ્લોક નં. ૫૬ જેનો નવીન સર્વે/બ્લોક નં. ૧૫૨ જે ખાતા નં. ૧૨૯, વાળી, ૨–૬૦–૮૨ હે.આરે.ચો.મી ખેતીની જમીન મૂળના વડવા અસારી બાજરાભાઈ કાવડાજીનાઓને સંતાનોમાં ૭ દીકરા તેમજ ૫ દીકરીઓ એમ કુલ્લે ૧૨ સંતાનો થયેલ જેમાં ફોઈઓ સાસરીમાં લગ્ન કરી હક્ક જતો કરેલ હોઈ તેઓના બહેનોના વારસોને સદરહું દાવામાં પક્ષકાર બનાવેલ તની તેઓની જમીન અગાઉ ૬૦ વર્ષ પહેલા જમીન ના સ્થળ ઉપર વળવાઓ તેમજ ગામ આગેવાનો, મુખી

વડવાઓએ સ્થળ ઉપર સમંતિથી તમામની હાજરીમાં પૂર્વે પશ્ચીમે શેઢા પાડી ઉત્તર તરફથી પ્રથમ ધૂળાભાઈના હિસ્સે આવેલ ત્યાર બાદ તેણી દક્ષીણે માનસિંગભાઈના હિસ્સો સ્થળ ઉપર આવેલ ત્યાર બાદ તેણી દક્ષીણે રાજેન્દ્રભાઈનો હિસ્સો સ્થળ ઉપર આવેલ ત્યાર બાદ તેણી દક્ષીણે રામસિંગભાઈનો હિસ્સો સ્થળ ઉપર આવેલ તેની દક્ષીણે મગનભાઈનો હિસ્સો સ્થળ ઉપર આવેલ જેની દક્ષીણે તરફના હિસ્સાઓમાં, કાન્તિભાઈનો હિસ્સો સ્થળ ઉપર આવેલ તેની દક્ષિણ શકરાજીનો હિસ્સો વહેંચણી જ. મુજબ આવેલ સ્થળ ઉપર ૬૦ વર્ષ અગાઉની વહેચણી મુજબ અલગ કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા આવેલા છીએ તેમજ તમામના અલગ અલગ હિસ્સામાં પોતાના રહેણાંકના મકાનો બનાવી તેમજ સિંચાઈ સગવડ માટે રીંગબોર કરાવી પિયત કરતા આવેલા છીએ તેમજ તમામ મુળના વહેચણી મુજબના હિસ્સા મુજબ અલગ અલગ ખેતી કરતા આવેલા છીએ આમ ૬૦ વર્ષ અગાઉ વડવાઓ સમક્ષ જે વહેચણી થયેલ પરંતુ રેવન્યુ રેકર્ડ હાલ સંયુક્ત જમીન દર્શાવેલ હોઇ પક્ષકારનો બાધ ન ’નડે તે હેતુથી ફોર્મલ પક્ષકાર તરીકે પ્રતિવાદીનં. ૫ થી ૩૦ ન નામ રેવન્યુ રેકર્ડ નામ હોઈ પક્ષકાર બનાવેલ છે પરંતુ તેઓની સામે કોઈજ દાદની માગણી કરેલ નથી તેઓને ફોર્મલ પક્ષકાર તરીકે જોડેલ છે ૨૧ વર્ષ અગાઉ શકરાજીના હિસ્સામાં શકરાજીના પુત્ર જગદીશભાઈને રહેવા પુર્વ તરફની જમીનમા દક્ષિણ તરફના હીસ્સામાં ધાબાબંધી પાકુ બે પરિવાર રહી શકે તેવા મકાન બનાવેલું તેમજ તે મકાનમાં જગદીશભાઈનો પરિવાર તેમજ બાજુના મકાનમાં પ્રતિવાદીનં. ૧ ના પરિવાર તેમજ અમારા સાસુ રહેતા આવેલ પરંતુ જગદીશભાઈના તા–૦૫/૧૦/૧૫ ના રોજ અવસાન થતાં વાદીઓ મીલ્કત છોડીદેશે તે બદ આશયથી પ્રતિવાદી નં. ૧ થી ૪ માનસીક શારીરક વાસ આપી હેરાન પરેશાન કરતા હોઈ શકરાજીની હયાતીમાં મૌખિક વહેચણી મુજબ ના ઉત્તર તરફના હીસ્સામાં પશ્રિમ દિશામાં નવિન મકાન અમો વાદીઓએ તાજેતરમાં બનાવેલ તેમજ મૌખિક સમજુતી મુજબ તે મકાનમાં દક્ષિણ તરફે પ્રતિવાદી નં. ૧ ના હિસ્સાની જમીનમાં થઈને પારઘી સવજીભાઈ ના મકાન તરફ ના રસ્તે થઈ અવર–જવર કરતા આવેલ છીએ તેમજ આ રસ્તે થઈને મકાન બાધકામનો તમામ સરસમાન જેવી કે રેતી કપચી, સીમેન્ટ, ઇંટો, લોખંડ

ટેકટર, ટક મારફતે લાવતા હતા સદરકું પરિશિષ્ટમાં વર્ણવેલ તમામ ખેતીલાયક જમીનને આ દાવામાં સરળતા ખાતર દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન એરીતે સંબોધવામાં આવશે.

3. મોજે ખલવાડના તા–ભિલોડાની સીમમાં આવેલ સદર દાવાવાળી ખેતીના સર્વેનંબર ની શકરાજીના હીસ્સા મુજબ વડીલો પાર્જીત માલીકીથી આવેલ છે જેઓએ જમીન સમતલ બનાવવા પુર્વે પશ્રિમ રોઠો નાખી ૨ ભાગ બનાવેલ જેઓના અવસાન બાદ મુળ વારસાઇ હક્ક મુજબ શકરાજીના ૨ પુત્ર સતાન જગદીશભાઈ તેમજ રમેશભાઈ જે પૈકી જગદીશભાઈ એ પોતાના રહેઠાણ માટે પાકુ ધાબા બધી મકાન પુર્વે તરફના દક્ષિણ હીસ્સામાં બનાવેલ જે મકાનમાં અમો વાદી અમારા પતિ સાથે રહેતા હતા તેમજ સંયુક્ત ખેતી કરી જીવન નિર્વાહ કરતા આવેલા પરંતુ વાદીન. ૧ ના પતિ તેમજ વાદીનં. ૨,૩ ના પિતા તા–૦૫/૧૦/૨૦૧૫ ના રોજ અવસાન પામતા રેવન્યુ રેકર્ડ વારસાઈની નોંધ થી અમો વાદીઓના રેવન્યુ રેકર્ડ નામ વારસાઈ હક્કે દાખલ થયેલ તેમજ કાયદેસરના માલીક બનેલ છે તેમજ સંયુક્ત રીતે ખેતી કરતા આવેલા અમો વાદી તથા પ્રતિવાદીનં. ૧ થી ૪ એક સમાન કાયદેસરનો ઉપરોક્ત પરિશિષ્ટમાં વર્ણવેલ તમામ ખેતીની જમીનમાં એક સમાન કાયદેસરનો હક હીત હીસ્સો રહેલો હતો અને રહેલ છે તેમ હોવા છતાં જગદીશભાઇના મૃત્યુ બાદ અમો વિધવા થતાં અમોને હેરાન પરેશાન કરવા તેમજ અમારો કાયદેસરનો હક્ક પડાની લેવા પ્રતિવાદીનં. ૧ થી ૪ તમામ માનસીક શારીરીક વાસ આપી અમીને હેરાન પરેશાન કરતા હોઈ અમો સદરહું શકરાજીના હીસ્સામા પ્રશ્રિમજ તરફે પાકુ ધાબાબંધી મકાન બાધકામ કરેલ તેમજ તે મકાનમાં દક્ષિણ તરફે અમારા હીસ્સાની જમીનમાં થઈને પારઘી સવજીભાઈ ના મકાન તરફ ના રસ્તે થઇ અવર–જવર કરતા આવેલ છીએ તેમજ આર સ્તે થઈને મકાન બાધકામનો તમામ સરસમાન જેવી કે રેતી કપચી, સીમેન્ટ, ઈટો, લોખંડ ટેકટર, ઢક મારફતે લાવેલ હતા સદરહું પરિશિષ્ટમાં વર્ણવેલ તમામ ખેતીલાયક જમીનને આ દાવામાં સરળતા ખાતર દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન એરીતે સંબોધવામાં આવશે સદરહું તમામ મિલ્કતમાં અમો વાદીઓ નો ખેતી ઉપજ લેવાનો તેમજ સીચાઈ કરવાનો રસ્તા નો અવર

જવર કરવા સારુ રસ્તાનો ઉપયોગ તેમજ સીંચાઈ કરવાનો કાયદેસરનો હક્ક સમાયેલો છે તેમજ વાદીઓની સંમતી સીવાય સદરહું જમીનમાં નવિન બાધકામ તેમજ અવર જવર કરવા સારુ ચાલુ રસ્તાને બંધ કરવાનુ તે વેચાણ ગીરો બક્ષીસ કે એક તરફે વહેચણી કરવાનો કોઈપણ પ્રકારનો હક્ક હીત કે અધિકાર નથી.

૪. મોજે ખલવાડ ની સીમના સર્વેનં. ૧૫૨ જેનો જુના સર્વેનં. ૫૬ જેના ખાતાનં. ૧૨૯ વાળી દાવાવાળી શકરાજીના હીસ્સા વાળી જમીનની હદમરજાદ પરિશીષ્ટ નીચે મુજબ છે.

પુર્વ : – નિનામા નાનજીભાઈ વિગેરેના વારસોની જમીન

પશ્રિમે : – બોક્સર રણજીતસિંહ જીવાજીની ખેતીની જમીન આવેલ છે

ઉત્તરે : – કાન્તીભાઈ બાદરાભાઈના સદરહું સર્વેનંબરની હિસ્સા વાળી જમીન

દક્ષીણે :– ચોલવીયા બાબુભાઈ સોમાજીની ખેતીની જમીન તેમજ પારઘી સવજીભાઈ જીવાભાઈની ખેતીની જમીન

૫. એવી રીતે ઉપર પરિશીષ્ટમાં દાવાવાળી વાદગ્રસ્ત તમામ ખેતી લાયક મિલ્કત કે જે અમો વાદીઓની તેમજ પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મિલ્કત આવેલી છે જે મિલ્કતમાં અમો વાદીઓ પ્રતિવાદીઓના સહીયારા સંયુક્ત હિસ્સામાં સદરહુ ખેતીની જમીનમાં આવેલ. મોટર– રીંગબોર વડે સિંચાઈ કરાનો અમારો વારસાઈ, હક્ક, હિત, હિસ્સે સમાયેલો છે તેમજ અમારા પતિ અગાઉ પુર્વ દિશામાં બનાવેલ મકાનમાં પણ અમારો કાયદેસરનો લાગ–ભાગ હક્ક, હિત સમાયેલો હોવાથી અમો વાદીઓ તાજેતરમાં દિન–૧૦ પહેલા પ્રતિવાદીઓન. ૧ થી ૪ ને સદરહું પરિશિષ્ટ વાળી તમામ જમીન તેમજ જુના મકાનમાં વહેંચણી ન કરેલ જેથી અલગ નવિન મકાન પશ્રિમ તરફના હિસ્સા માં બનાવેલ છે જેથી ઉતર–દક્ષિણ શેઠો નાખી પશ્રિમ તરફના મકાન વાળો હીસ્સો અમોને આપવા જણાવતા તેમજ અમારા મકાનમાં અવર જવર કરવા સારુ સદરહું

હીસ્સામાંથી દક્ષિણ તરફે પારધી ફળીયા તરફના રસ્તા માં થઈ અવેર જવર કરતા આવેલા જેમાં પ્રતિવાદીનં. ૧ નાઓ નવિન મકાન બનાવવા પથ્થર નાખતા અમોએ તેઓને વિનંતી કરી અમારો કાયદેસરનો રસ્તો બંધ થઈ જતો હોઈ અમો વિધવા હોઈ અમારા મકાનમાં જવા અવર જવર કરવા માટે મોટી મુશ્કેલી ઉભી થાય તેમ હોઈ પ્રતિવાદીનં. ૧ થી ૪ નાઓને વિનંતી કરવા છતા તેઓ માનેલ ન હોવાથી ગામના આગેવાનો રુબરુ ચર્ચા વિચારણા કરેલ તેમ હોવા છતાં તેઓની વાત પણ માનેલ ન હોય અમો રુબરુ જતા તેમજ સદરહુ સર્વેનંબરમાં વહેચણી કરવા તેમજ ખાતા રેવન્યુ રેકર્ડ અલગ કરાવવા કહેતા આ પ્રતિવાદીઓનં. ૧ થી ૪ એક સંપ થઈ અમો વાદીઓ ઉપર ઉશ્કેરાઈ જઈ ધમકીઓ આપી કહેવા લાગેલ છે" સદરહુ ખેતીની જમીનમાં તેમજ જુના મકાનમાં હીસ્સો નહી મળે તેમજ બોરવેલ ઉપર પ્રવેશ ન કરવાની "ધમકીઓ આપવા લાગેલા જેથી ના છુટકે ના ઈલાજે અમો વાદીએ અમારી દાવાવાળી જમીન ઉપરના કાયદેસરના હક્ક, હિતો– હિસ્સામાં પ્રતિવાદીનં. ૧ થી ૪ કોઈ પણ પ્રકારની રજા મંદી સંમતિ મેળવ્યા સિવાય પ્રતિવાદીઓની તેમની એકલાની જ માલીકીની હોય તે રીતે સદરહું મિલ્કતોના બાધકામ કરી ફેરફાર કરવા અને પોતાનો ગેરકાયદેસરનો હક્ક – પ્રસ્થાપિત કરવા માટે કટીબધ્ધ બનેલ છે તેમજ પરિશિષ્ટમાં વર્ણવેલ તમામ ખેતીની જમીનમાં અમો વાદીઓની સંમતિ સિવાય વેચાણ ગીરો બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે બાધ કામ કરી અવર જવર માટેનો રસ્તો બંધ કરી એક તરફી વહેચણી કે તબદીલ કરવાનોબદ ઈરાદો ધરાવે છેઆમ અમો વાદીઓનો કાયદેસરનો હક્ક–હિત હીસ્સો ડુબાડી મિલ્કતોમાં ફેરફાર કરવા તથા તબદીલ કરવા કટીબધ્ધ અને કુત–નિચ્ચયી બનેલ છે જે પ્રતિવાદીઓનુ કૃત્ય ગેરકાયદેસરનુ છે અને તે રીતે પ્રતિવાદીઓ પોતાનો એકનોજ ગેરકાયદેસરનો હક્ક પ્રસ્થાપીત કરી દેતો તેના પરિણામે અમો વાદીઓના કાયદેસરના વારસાઈ હક્કો નસ્ટ પામે અને તેના પરિણામે અમો વાદીને નાણામો પણ ભરપાઈ ન થઈ શકે તેવુ પારાવાર નુકશાન જાય અનેતેથી કરીને પ્રતિવાદીઓનુ ગેરકાયદેસરનુ કૃત્ય તાકીદે અટકાવવા માટે તથા અમો વાદીઓના કાયદેસરના હક્ક હીતોના રક્ષણ માટે આ ડેકલેરેશન તથા કાયમી આદેશાત્મક મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો ના. કોર્ટમાં દાખલ કરેલ છે પરંતુ મજકુર દાવો ચાલવામાં અને તેનો નિર્ણય

આવવામાં સમય જાય તે સ્વભાવીક છે અને જો તે દરમીયાન પ્રતિવાદીઓ તેમના ધમકી આપ્યા મુજબના કુત્યમાં સફળ નીવડી જઈ હમારી 'કાયદેસરના હક્ક હિસ્સા વાળી દાવાવાળી ખેતીની જમીન હમારી પાસેથી પડાવી લે અથવા અનય કોઈ ઈસમને તબદીલ કરી દે તો ત્યારબાદ આ દાવો કરવાનો કોઈ જ અર્થ નહી અને 4મો વાદીને નાણામાં પણ ભરપાઈ થઈ શકે તેવુ પારાવાર નુકશાન જાય અને હમો વાદીને ભુખે મરવાનો વારો અને હમો જમીન વિહોણા બની જઈએ અને જો હમો વાદીને કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદીઓને કોઈ પણ પ્રકારનુ નુકશાન થવાનુ સંભવ નથી અને તેથી કરીને અમો વાદીના કાયદેસરના હક્ક હીતો ના રક્ષણ માટે દાવો ચાલતા દરમીયાનનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે આ અરજ આપ ના. કોર્ટમાં દાખલ કરવાની જરુરીયાત ઉપસ્થીત થયેલ છે. અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ સગવડ અગવડ નુ ધોરણ પણ અમો વાદીના લાભમાં છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો વાદીના લાભમાં છે. જેથી ચાલતા દાવા દરમિયાનનો વચ ગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરલે છે. વધુમાં, વાદી એ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ જવાબ સામે પ્રતિ જવાબ આંક : ૩૧ થી રજુ કરલે છે અને તેમાં એવી હકીકત અને દલીલ કરલે છે કે, આમ પ્રતિવાદીઓએ તેઓના લેખિત જવાબમાં તમામ હકીકતો ખોટી જણાવેલી છે અમારા પિતાજી શકરાજી નાઓએ તેઓના બન્ને પુત્રોને કોઈજ જમીનની વહેચણી કરેલ ન હોવા છતાં તેમજ જમીનની સમતળતા તેમજ ફળદુપતા જળવાય રહે તેમજ સિંચાઈ માટે નાની સરખી પુર્વ પ્રશ્રિમ પાળી કરેલ તે કોઈ વહેચણી સંબંધે અલગ હીસ્સા દર્શાવતો અલગ ભાગ નથી તેમજ આવી વહેચણી નો કોઈ જ રેવન્યુ રેકર્ડે ઉલ્લેખ નથી તેમજ વહેંચણી અંગેનુ કોઈ લખાણ પણ થયેલ નથી તેમજ અમો વાદીના પતિ ની હયાતી દરમીયાન જમીનની ઉત્તર–દક્ષિણ શેઢો પાડી પશ્રિમ તરફનો હીસ્સો અમારો મૌખિક નક્કી કરેલ જેથી અમારા પતિએ સદરહું દાવાવાળી જમીનની પશ્રિમ તરફન હીસ્સે તમામની સંમતી થી મકાનના પાયા ખોદેલ તેમજ પાયાનુ ચણતર કામ પુર્ણ થતાં તેઓનું અવસાન થયેલ જેથી અમો વાદીએ મહા મહેનત પરીશ્રમ કરી તે મકાનનુ ધાબા બંધી બાધકામ કરેલ પરંતુ બહારનુ પ્લાસ્ટરનુ કામ બાકી રાખેલ તેમ હોવા છતાં પ્રતિવાદી નં.

૧ નુ મકાન પુર્વ દિશામાં તેમના મૌખિક હિસ્સામાં બનાવેલ હોવા છતાં અમારા મકાનમાં રેતી, કપચી, સીમેન્ટ ઢક મારફતે લાવી ન શકીએ તેવા બદ ઈરાદાથી અમારા મકાન થી દક્ષિણ દિશાએ નજીકમાં અમારા હીસ્સામાં નવિન મકાનનુ રસ્તાની તેમજ મારર્જીન ની જગ્યામાં અમારી કે પંચાયત ની પરવાગી સીવાય બાધકામ ગેરકાયદેસર રીતે ચાલુ કરેલ હોય દાવા અરજીમાં સાચી હકીકતો દર્શાવી દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે તથા તેઓની દલીલોના અને પ્લીડિંગસ ના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજ રજુ કરલે છે.

ક્રમ.	**દસ્તાવેજનું વર્ણન**	**નિશાની**
૧.	મોજે : ખલવાડ ખાતા નં. ૧૨૯ નો ૮(અ) નો ઉતારો	૪/૧
૨.	મોજે : ખલવાડ સર્વે નં. ૧૫૨ નો ૭/૧૨ નો ઉતારો	૪/૨
૩.	શકરાજી બાજરાજીનું પેઢીનામું	૪/૩
૪.	અસારી જગદીશભાઈ શકરાજીનો મરણનો દાખલો	૪/૪
૫.	મોજે : ખલવાડ ગ્રામ પંચાયત મિલકત નં. ૫૫૮ ની આકરણી પત્રક	૪/૫
૬.	મોજે : ખલવાડ ગ્રામ પંચાયત મિલકત નં. ૪૨૪ ની આકરણી પત્રક	૪/૬
૭.	કોર્ટ કમિશ્નરશ્રીનો સ્થાનિક નો પંચક્યાસ અને સ્કેચ	આ:૧૬

૬. ઉપરોક્ત અરજીના કામે પ્રતિવાદીઓને ધોરણ સરની નોટીસની બજવણી થયે થી તેઓના વી.વકીલશ્રી દ્વારા હાજર થઇ અને આંક – ૨૩ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને તેઓના જવાબમાં મુખ્ય બચવા અને દલીલો છે કે, પ્રતિવાદીઓ તથા વાદીઓ એક જ ગામના તથા કુટુંબ ના થતા હોઈ પરંતુ સદર કામના વાદી નં. ૧ નાઓ ઈડર મુકામે આરોગ્ય ખાતા મા નોકરી કરતા હોઈ તથા તેઓ હાલ વિધવા થયેલ હોઈ અને અમો પ્રતિવાદીઓ અભણ તથા કાયદાથી અશાન હોઈ અમો પ્રતિવાદીઓ ના વડીલો એ મોજે ખલવાડ, તા. ભીલોડા ગામની સીમમા

સર્વે ૧૫૨ તથા ખાતા નં. ૧૨૯ ની હે આરે. ચો.મી ૨–૬૦–૮૨ વાળી આકાર જુડી ૪.૫૦ તેઓની હયાતી મા સરખે હિસ્સે જમીનો ની વહેચણી કરી દીધેલ અને તે મુજબ કોઈ પણ રોકટોક વિના તમામ સહહિસ્સે દારો વહેચણી મુજબના હિસ્સામા ખેતી કરી તેમજ રહેણાકના મકાનો બનાવી રહીએ છીએ. આ કામના વાદી નોકરી કરતા હોઈ તથા મોજ સોખ થી એકલા જીવન જીવતા હોઈ અમો પ્રતિવાદીઓ સાથે અવારનવાર ઝગડા કરી અમોપ્રતિવાદીઓ તથા પાડોશી ઓને હેરાન પરેશાન કરતા હોઈ અમો પ્રતિવાદી નં. ૧ થીજ નાઓ વાદીના દીયર નંણદો તેમજ પ્રતિવાદી નં. ૨ વાદીના સાસુ થતા હોઈ જેથી તેઓને હેરાન પરેશાન કરી ખોટી રીતે અમો પ્રતિવાદીએ મકાન બનાવવાનું ચાલુ કરેલ તે અટકાવવા સારુ ખોટો અને ખોટી હકીકતો ઉપજાવી કાઢી અમો તમામ પ્રતિવાદીઓ સામે ખોટી દાદ માંગી ખોટો દાવો આપ નામદાર કોર્ટ મા કરેલ છે.

૭. સદર કામે અમો પ્રતિવાદી તથા વાદી એક જ કુટુંબ ના થતા હોઈ અને વાદી અમો પ્રતિવાદીના ભાભી થતા હોઈ . અમારા પિતાશ્રી ના હયાતી મા અમો બંને ભાઈ ઓ ની જમીન ની વહેચણી કરી દીધેલ હોઈ અને વહેચણી મુજબ અમો બંને ભાઈઓ તથા તેઓના કુટુંબના માણસો પોતપોતાના હિસ્સામા આવેલ જમીનમા મકાનો બનાવી રહીએ છીએ અમો પ્રતિવાદી નં. ૧ તથા વાદીઓ એક જ કુટુંબ ના હોઈ અમો પ્રતિવાદી તથા વાદીઓની જમીનના આજ થી આશરે ૬૦ વર્ષે અગાઉ ઉત્તર દક્ષિણ હિસ્સા પાડેલ હોઈ અને પૂર્વ પશ્ચિમ નો વચ્ચે ખેઢો એટલે પાર બનાવી બંને ના હિસ્સા અલગ કરેલ હોઈ જેમાં અમો પ્રતિવાદીના હિસ્સે આવેલ જમીનમા અમો પ્રતિવાદીએ મકાન બનાવવાનું કામ ચાલુ કરેલ હોઈ અને અમોપ્રતિવાદીએ અમારા મકાનની પાછળ ના ભાગે પશ્ચિમ તરફ ૧૫ ફુટ જેટલી માર્જીન છોડી રસ્તો મુકેલ છે. જયારે ઉત્તર તરફ પણ ૧૦ થી ૧૨ ફુટ જગ્યા વાદીના મકાનની સાઈડ મા છોડી દીધેલ છે. જયારે પૂર્વ તરફ પણ ખોલ્રી ખેતી ની જમીન આવેલ તેમજ દક્ષિણે ૧૫ થી ૨૦ ફુટ જેટલી જગ્યા છોડી અમોએ કોઈ પણ વ્યકિત ને નડતર રૂપ ન થઈએ તે રીતે મકાન કામ ચાલુ કરેલ છે જેમા અમો પ્રતિવાદી એ મકાનના પાયા ખોદી પાયાનું ચણતર પણ કરી દીધેલ છે. અને જે જમીન નો હિસ્સો અમો પ્રતિવાદીના ભાગે આવેલ હોઈ જેમા

વાદીનો કોઈ લાગ ભાગ કે હિસ્સો ન હોવા છતા અમો પ્રતિવાદી ઓને હેરાન પરેશાન કરવા સારુ નામદાર કોર્ટે મા ખોટી હકીકતોઉપજાવી કાઢી ખોટો દાવો દાખલ કરી નામદાર કોર્ટ મા મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ હોઈ જે અરજ ના મંજુર થવાને પાત્ર હોઈ તેમજ સદર દાવો રદ થવા પાત્ર હોઈ ખર્ચ સહીત ના મંજુર કરવા અમો પ્રતિવાદીઓની નમ્ર અરજ છે. તથા તેઓની દલીલો અને પ્લીડિંગસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

ક્રમ.	**દસ્તાવેજનું વર્ણન**	**નિશાની**
૧.	અસારી ભુરજીભાઈ પુનાજીનું સોગંદનામું	૨૪/૧
૨.	અસારી રમેશભાઈ સબુજીનું સોગંદનામું	૨૪/૨
૩.	વાદગ્રસ્ત મિલકતનો ફોટોગ્રાફ	૩૨/૧
૪.	વાદગ્રસ્ત મિલકતની પાછળની બાજુનો ફોટોગ્રાફ	૩૨/૨
૫.	પક્ષકારો વચ્ચે (પ્રતિવાદી) અંદરો અંદર થયેલ સંમતી કરાર ની ઝેરોક્ષ નકલ.	૩૨/૩

૯. સદરહુ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો કેસ પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, અગવડ સગવડની સમતુલા વાદીના પક્ષે છે.

૩. શું વાદી પુરવાર કરે છે કે, વાદીને માંગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો વાદીઓને નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ.

૧૧. **ઉપરોકત,** મુદ્દાના નિર્ણય હેતુ બન્ને પક્ષકારનો વિ.વ.શ્રીની દલીલો સાંભળી. તેઓની દલીલોમાં એવી રજુઆત છે કે દાવા અરજી તથા રજુ થયેલ જવાબ અને આધારોને ધ્યાને લેવા અને તે મુજબની તેઓની મૌખિક અને લેખીત દલીલ ગણવી તેવુ ખુલ્લી કોર્ટમા જાહેર કરેલ છે. ઉપરોક્ત મુદા નં. ૪ ના હુકમ માટે મુદા નં. ૧ થી ૩ ની હકીકતો અને પ્લીડિંગસ અને પ્રાથમિક આધાર પુરાવા એક બીજા સાથે સંકળાયેલ હોઈ તમામ મુદાઓની એકની એક હકીકતનું પુનરાવર્તન ટાળવા માટે અહી એક સાથે મૂલ્યાંકન કરવામાં આવેલ છે. અહી નોધવું જરૂરી છે કે, સદર વાદ વાળી મિલકત અંગે રજુ થયલ વાદી પ્રતિવાદી તરફે, થયેલ દસ્તાવેજી અહી ધ્યાને લેવામાં અવે તો, વાદી તરફે રજુ થયેલ ગ્રામ પચાયત આકારણી પત્રક અને, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા ધ્યાને લેવામાં આવે તો, તેમાં, વાદી પ્રતિવાદી નું સંયુક્ત પણે નામ દાખલ થયેલ છે એન તે જમીન વાદી પ્રતિવાદી ના વડીલો તથા અન્ય જરૂરી

પક્ષકારો કે જેઓને સ્થાનિકે દાવાના કામે આજ દિનસુંધી નોટીસ ની બજવણી વાદી તરફે થયેલ નથી. તે તમામ પક્ષકારોની સંયુક્ત માલિકી અને કબ્જા ભોગવટાની જમીન છે. વધુમાં, વાદી એ તેઓના પ્લીડિંગસ માં જણાવેલ છે કે, તેઓના પતી દ્વારા સદર મકાનનું બાધકામ નવીન કરવામાં આવેલ હતું અને તે મકાન અંગે તેઓએ સહ હિસ્સેદારો ની તમામ ની સંમતી લઈ અને ગ્રામ પચાયતની સંમતી મેળવીને બાંધકર મારેલ છે. જયારે, પ્રતિવાદી દ્વાર રેકર્ડ પર નિશાની ૩૨/૩ થી અન્ય સહ હિસ્સેદારો દ્વારા, વાદી સિવાયના હિસ્સેદારો દ્વારા બાધકામ અંગે પરવાનગી આપવામાં આવેલ હોવાનો સંમતી કરાર રજુ કરેલ છે. અહી નોધવું જરૂરી છે કે, સદર વાદ વાળી જમીનની બન્ને પક્ષકારો દ્વારા મૌખિક વહેચણી થયેલ હોવાનું જણાવેલ છે પરંતુ, તે અંગે રેકર્ડ પર કોઈ ઘર મેળે વ્હેચની કરાર થયેલ હોઈ કે મૌખિક સમજુતી થી ઘર મેળે હિસ્સા ફાળ કરેલ હોઈ તેવો કોઈ આધાર રજુ કરલે નથી, વધુમાં, વાદી એ હાલનો દાવો પાર્ટીશન માટે કરલે છે. અને અડચણ દુર કરવા અને વાદીને તેઓના હિસ્સાની જમીનમાં અવર જવર કરવા અને રસ્તામાં અડચણ થતી અટકાવવા અને પાર્ટીશન થઇ મિલકતના હિસ્સા નક્કી કરવા દાવો દાખલ કરલે છે. તે સંજોગોમાં જયારે, કહેવાતી મૌખક કરાર થી મિલકત ની વ્હેચણી રેકર્ડ પર પુરવાર થાય નહી ત્યાં સુંધી તે હકીકત પુરવાર થયા વગર કબજો પુરવાર થાય નહી અને, કાયા હિસ્સેદાર પાસે કઈ દિશામાં કઈ જગ્યાએ કેટલી જમીન ઘર મેળે વ્હેચણી થી પ્રાપ્ત થયેલ છે અને તેઓનો કેટલો હિસ્સો સમાયેલ છે એન તેઓનો સંયુક્ત માલિકીની

મિલકત પર કઈ જગ્યાએ કબજો ભોગવટો રહેલ છે તે પુરાવાનો વિષય હોઈ અને હાલ વાદી એ દાખલ કરેલ મનાઈ હુકમની અરજી ની દાદ અને દાવા અરજીની દાદ તથા કારણો ધ્યાને લેતા, સાથે પ્રતિવાદી દ્વારા હાલનો દાવો દાખલ થાય બાદ સંમતી મેળવેલ હોઈ ને તે તમામ પક્ષકારો દ્વારા આપવામાં આવેલ નથી અને, વાદી એ તમમાં પક્ષકારોને દાવાના કામે અને મનાઈ હુકમની અરજીના કામે નોટીસ/સમન્સ ની બજવણી થયેલ નથી તે સંજોગોમાં અને મિલકતની કોઈ વ્હેચણીનો લેખ કે ઘર મેળે સમજુતી કરાર રજુ થયેલ નથી તે સંજોગો તથા વાદીએ બહેનો ને દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી તે સંજોગો ધ્યાને લેતા, બન્ને પક્ષકારો વાદી પ્રતિવાદી ની દલીલો અને રેકર્ડ પર પ્લીડીંગસ અને માગેલ દાદ ધ્યાને લેતા, બન્ને પક્ષકારો ટેન્ટ ઈન કોમન અને સહ હિસ્સેદ્ધાર તથા સહ માલિક ગણાય અને સમગ્ર જમીનના માલિક જ્યાં સુંધી હિસ્સા વહેચણી થઈ ભાગ ફાળ રેકર્ડ પર થાય નહી અને અલ રેવન્યુ રેકર્ડ થાય નહી ત્યાં સુંધી તેમાં પક્ષકારો એક બીજાના સહ હિસ્સેદાર અને ટેન્ટઈન કોમન ના કોન્સેપટ ને ધ્યાને લેતા, એક સહ હિસ્સેદાર બીજા સહ હિસ્સેદાર જેટલોજ સમગ્ર મિલ્કત પ્રયે હક્ક અધિકાર અને માલિકી ધરાવતો હોઈ તે સંજોગો ધ્યાને લેતા, **વધુમાં,** સી.પી.સી. ઓર્ડર – ૩૯ રૂલ, ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળની અરજી સમન્યાયી દાદ્ધ સ્વરૂપની અરજી હોઈ પક્ષકારે દાદ મેળવવા માટે ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ અરજુ કરવો જોઈએ અને સત્ય હકીકત કોર્ટ સમક્ષ રજુ કરવી પડે તથા કોર્ટ ભ્રમિત થાય અને કોર્ટ સામે સ્પ્રેસ્ન ઓફ

ફેકટ કે કલેવર ડ્રાફટીંગ કરી અને દાદ માગવામાં આવે તો, તેવા સંજોગોમાં દાદ રદ થવા પાત્ર બને છે. હાલના દવાના કામે, વાદી દ્વારા આંક : ૪/૧ થી નિશાની ૪/૬ તથા, આંક : ૨૦/૧ થી ૨૦/૨ સુંધીના કોર્ટ કમિશ્નર શ્રીના સ્થાનિક જગ્યાના પંચનામા અને સ્કેચની હકીકત સાથે પ્રતિવાદી દ્વારા રજુ થયલ, આંક : ૨૪/૧ અને ૨૪/૨ વાળ સોગંદનામું અને આંક : ૩૨/૧ થી ૩૨/૩ સુંધીના ફોટોગ્રાફ્સ અને સંમતી પત્ર ની હકીકત ધ્યાને લેતા, વધુમાં, પ્રતિવાદી દ્વારા તમમાં સહ માલિકોની જમીન બાબતે કોઈ સંમતી લીધેલ નથી અને, પંચાયત ની પણ સંમતી મેળવેલ નથી તે સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ને લક્ષે લેવામાં આવે તો, હાલની મનાઈ હુકમની અરજી નિર્ણય હેતુ કેટલાક માર્ગદર્શક ચુકાદા અહિં નોંધવા જરૂરી હોય જેમાં **(૧) Dalpatkumar And Anr. Vs. Prahlad Singh And Ors. On** 16 **December,** 1991 **: The Hon'ble Supreme court has Held that, Grant of injunction is a discretionary power of the court which can be exercised there of :**

1. There is a seriously disputed question that is to be tried by the court in the suit on the facts before the court, but there is the probability of his being entitled to the relief which the plaintiff or the defendant is asking.

2. The court needs to interfere as it is necessary to prevent the possible future loss or protect the party from the species of injuring. To be precise, before the legal right

is established at trial, irreparable loss or injury would have ensued.

3. The comparative hardship or mischief or inconvenience would be greater than that would be granted, which is likely to occur from withholding the injunction.

વધુમાં, The condition for the grant of a temporary injunction is the existence of the prima facie right and the infraction of his property's enjoyment or the right. The Prima facie case cannot be confused with the prima facie trial as it is established on the evidence of the trial. It is not sufficient to grant an injunction that there is the satisfaction of the prima facie case itself.

વધુમાં, The court further needs to satisfy that there will be an irreparable injury to the party which is seeking relief due to non – interference of the court and that there is no other option available except to grant the injunction, which could prevent the party from the apprehended consequences of dispossession or injury. Irreparable injury means that there should material injury, but it does not mean that there should be no physical possibility of repairing that injury, and the injury cannot be compensated by way of compensation. The third condition for providing the grant for a temporary injunction should be the balance of convenience. The court should exercise sound judicial discretion while granting or rejecting the injunction filed by

the respective parties so that they could find out the amount of substantial mischief or injury which is likely to be caused by the parties. The court would have granted the ad−interim injunction in the previous case but when the party seeks to set aside the decree on the basis of fraud pleaded in the suit by another party, but the court would circumspect before granting any injunction and look at the conduct of the respective parties and look at the matter that if the injunction is refused than whether the plaintiff is adequately compensated. The sale deed was executed in favor of the first appellant by the court. Respondents could be adequately compensated if they succeed at the trial. They could be compensated by awarding damages for the occupation of the property from the date of dispossession till the date of restitution. The trial court and the High Court repeatedly refused the pending proceedings of the injunction.

વધુમાં, Supreme Court observed that the High Court, without averting to any material circumstance or evidence or any alienation, made that the balance of convenience in favor of granting the injunction was wrong by the High Court. The Supreme Court set aside the High Court order and Confirmed the order of the trial court. The Supreme Court also stated that allowing the temporary injunction to the respondent was not made by keeping in

mind all the provisions and the principles stated under order 39 of CPC.

વધુમાં, (૨) Further a Division Bench of this court in **Badri Prasad Vs. Chokhey Lal, AIR** 1926 **All** 406 **at p.** 408 ; (1926) 24 **ALL L J** 561 **at p.** 565. Hon'ble court has observed as follows; "The plaintiff ought to be able to satisfy the court of the practical certainty of success, and of the existence of grave danger, and of a real fear that a dishonest defendant, undoubtedly liable, in making away with the probable fruits of the judgment."

વધુમાં, 6. it is thus clear that the grant of an ad interim injunction is an extraordinary thing. It is not permissible to grant it unless the plaintiff established that the defendant has no case on merits, that the plaintiff is undoubtedly entitled to a decree and the defendant undoubtedly liable or likely to make away the fruits of the decree.

વધુમાં, **Further,** The defendant court not have run away with the land which was the subject – matter of the suit. On the findings themseles, it is clear that the plaintiff had no prima facia case. Under the circumstances, the lower appellate court misconceived the limits of its jurisdiction in issuing the interim injunction.

વધુમાં, (3) **Shiv Kumar Chadha Etc. Vs Municipal Corporatoin of Delhi And Ors on 4th May** 1993 (1993

SCR (3) 522) Hon'ble Court has Held that – It has been pointed out repeatedly that a party is not entitled to an order of injunction as a matter of right or courses, Grant of Injunction is within the discretion of court and such discretion is to be exercised in favor of the plaintiff only if it is proved to the satisfaction of the court that unless the defendant is restrained by an order of injunction, an irreparable loss or damage will be caused to the plaintiff during the pendency of the suit. The purpose of temporary injunction is, thus to maintain the status quo. The court grants such relief according to the legal principals – Ex debite Justitiae. Before any such order is passed the court must be satisfied that a strong primafacie case has been made out by the plaintiff including on the question of maintainability of the suit and the balance of convenience is in his favor and refusal of injunction would cause irreparable injury to him.

વધુમાં, (૪) **Wandor Ltd. And Anr. Vs Antox India P. Ltd. On 26th April.** 1990 (1990 (2) **ARBLR** 399 (**SC**)) Hon'ble Court has Held that – The need for such protection must be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights of which he could not be adequately compensated. That court must weigh one need against another and determine where the "balance of convenience lies." આમ ઉપરોક્ત

ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેતા, બન્ને પક્ષકારો દ્ધારા રજુ થયેલ વચગાળાની મનાઈ હુકમ પ્લીડિંગસ અને દલીલો તથા પ્રાથમિક પ્રમાણ ધ્યાને લેતા, નિર્ણય હેતુ મુદા નં. ૧ થી ૩ નો જવાબ સંયુક્ત રીતે જવાબ અંશ:હકારમાં ઠરાવી અને મુદા નં. ૪ અન્વયે અત્રેની કોર્ટને રહેલ વિવેકાધની સત્તા ને ધ્યાને લેતા નીચે મુજબનો સંયુક્ત રીતે વચગાળાનો હુકમ ફરમાવવામાં આવે છે.

– :: હુકમ :: –

વાદીની આંક : ૫ થી રજુ સી.પી.સી ઓર્ડર – ૩૯, રૂલ – ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળ રજુ વચગાળાની અરજી આથી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે, પ્રાથમિક રેકર્ડ પર રજુ પ્રમાણ અને હકીકતો ધ્યાને લેતા, મોજે : ખલવાડ, તા–ભિલોડા, સીમના જુના સર્વે/બ્લોક નં. ૫૬ જેનો નવીન સર્વે/બ્લોક નં. ૧૫૨ જે ખાતા નં. ૧૨૯, વાળી, ૨–૬૦–૮૨ હે.આરે.ચો.મી ખેતીની જમીન પર હાલ જે સ્થળ સ્થિતિમાં બન્ને પક્ષકારો વસવાટ કરે છે તે રીતે વસવાટ કરવાનો અને, નવીન કોઈ પણ પ્રકારનું બાંધકા બન્ને પક્ષકારોએ સ્થળ પર હાલના દાવાનો આખર નિકાલ ના થાય અથવા બીજો હુકમ અત્રેની કોર્ટ ફરમાવે નહી ત્યાં સુંધી સ્થાનિકે જે જગ્યાએ ખેતી કરે છે અને વસવાટ ના મકાન આવેલ છે તે જે રીતે ઉપયોગ કરે અને, પ્રતિવાદી નં.૧ નાએ કોઈ પણ પ્રકારનું નવીન બાંધકામ કરવા પર, મિલકત પર બોજો કે લોન લેવા પર, કે હાલ વાદી જે સ્થળે વસવાટ કરેલ છે તે સ્થળ સ્થિતિમાં કોઈ ફેરફાર કરવા કે તેઓના અવર જવરના રસ્તામાં કોઈ પણ પ્રકારે અંતરાય કે રુકાવટ કરવા પર મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે. દાવાના આખર નિકાલ હેતુ યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે. અને પ્રતિવાદીઓ દ્ધારા સ્થાનિકે વિવાદિત મિલકતના સ્વરૂપમાં કે, તેમાં કોઈ નવા હક્ક અધિકાર વેચાણ, ગીરો બક્ષીસ કે અન્ય કોઈ રીતે ઉભો કરવાનું કે, દબાણ કરવા કે નવું કોઈ બાંધકામ કરવા પર કે તેઓના

મળતિયા એજન્ટો કે, એસાઈનીયો મારફતે વાદીને સદર મિલકતમાં પ્રવેશ કરતા હરકત હેલો કે, અંતરાય કરવા પર સ્થાનિકે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા.૦૮, માહે : જુન , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
સ્થળ : ભિલોડા.

(એ. એ. દવે)
એડી. સિવિલ જજ ભિલોડા
GJ–01442